# શ્રી અરવિન્દ



એક દિવસ વહેલી સવારે મહારાજા ઘોડા ઉપર બેસીને ફરવા નીકળ્યા હતા. તે સમયે શ્રીઅરવિન્દ પણ ચાલતા ફરવા નીકળ્યા હતા. તે સમયે શ્રીઅરવિન્દ પણ ચાલતા ફરવા નીકળ્યા હતા. તે સમયે શ્રીઅરવિન્દ પણ ચાલતા ફરવા નીકળ્યા હતા. મહારાજા ઘોડા ઉપર બેસીને ફરવા નીકળ્યા હતા. તે સમયે શ્રીઅરવિન્દ પણ ચાલતા ફરવા નીકળ્યા હતા. મહારાજા ઘોડાઉપર હતા એટલે તેઓ શ્રી અરવિન્દથી આગળ નીકળી ગયા. રસ્તામાં તેમણે એક ડોશીમાને ઊભેલાં જોયાં. તેમની પાસે છાણથી ભરેલો સૂંડલો પડયો હતો. તેઓ રાહ જોઈ રહ્યાં હતા. કે કોઈ આવે તો તને આ સૂંડલો ચઢાવવામાં મદદ કરે. મહારાજાએ આ જોયું ને તેઓ ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને તેમણે માજીને સૂંડલો ચઢાવવામાં મદદ કરી. માજી જાણતાં ન હતાં કે સૂંડલો ચઢાવનાર વડોદરાના મહારાજા છે. તેમણે તો "ભાઈ, ભગવાન તારું ભલું કરે ને તારી વાડી લીલી રાખે" એવા આશીર્વાદ આપ્યા ને ધીમે ધીમે પછી ચાલવા લાગ્યાં. શ્રી અરવિન્દ પાછળ આવી રહ્યા હતા એટલે મહારાજા તેમના માટે ઊભા રહ્યા. તેઓ ત્યાં પહોંચ્યા ને મહારાજાને અભિવાદન કર્યું. મહારાજા તેમની સામે જોઈને હસ્યા. પણ શ્રી અરવિન્દ કંઈ જ બોલ્યા નહીં. માત્ર સ્મિત કર્યું આથી મહારાજાએ એમને પૂછયું : "કેમ મિ.ઘોષ, તમને મારું આ કામ ગમ્યું નહીં"?

"મહારાજા સાહેબ, આપે એક ગરીબ વૃદ્ધાને છાણનો સૂંડલો ચઢાવવામાં મદદ કરી એ કામ સારું તો છે જ, પણ હું વિચાર કરી રહ્યો હતો કે મહારાજાનું સાચું કામ કયું ? સૂંડલો ચઢાવવાનું કે સૂંડલો

ઉતરાવવાનું "? અને ચતુર મહારાજા શ્રી અરવિન્દની આ ટકોર સમજી ગયા. તુરત જ ઘોડા ઉપર બેસીને તેઓ તે માજી પાસે પહોંચી ગયા ને તેમનું નામ-ઠેકાણું જાણી લીધું. બીજે દિવસે તેમને દરબારમાં બોલાવીને તેમને રહેવા ઘર આપ્યું ને આજીવન વર્ષાસન બાંધી આપ્યું. તે વખતે શ્રી અરવિન્દે મહારાજાને કહ્યું; "હવે આપનું આ સાચું કામ કહેવાય !"

શ્રી અરવિન્દ